નવગુજરાત સમય

**સંશોધન** આધુનિક ખેતીનું જ્ઞાન હોય કે, આંગણવાડી શિક્ષકોનો સંદેશો : ભાષાની મર્યાદા વગર 'આવાઝ-દે' લોકોને જોડે છે

# વૉઇસ-મૅસૅજિંગ, વૉઇસ-ટ્વીટરની સુવિધાને ગામડા સુધી પહોંચાડતું પ્લેટફૉર્મ

કૃતિ શાહ > અમદાવાદ

ભારતના ૫૦,૦૦૦ રક્ત દાતાઓનું ટેલિફોનિક ડેટાબેઝ, હજારો ખેડૂતોને ઑર્ગેનિક ખેતીનું જ્ઞાન આપતી હેલ્પલાઇન, આંગણવાડીનાં શિક્ષકો અને ઝૂંપડપટ્ટીનાં બાળકોને જોડતી વૉઇસ-સર્ક્યુલરની સુવિધા તથા કચ્છની મહિલાઓને કાયદાકીય સમજ આપતી ફોનલાઇન- આવા અનેક ક્ષેત્રોમાં આજે વિવિધ ભાષાઓ અને બોલીઓમાં વૉઇસ-મૅસેજ, વૉઇસ-ટ્વીટર અથવા વૉઇસ-માય સ્પેસ જેવી સુવિધાઓ લોકો સુધી પહોંચી રહી છે. આ શક્ય બન્યું છે 'આવાઝ-દે' નામના એક અનોખા પ્લેટફોર્મ દ્વારા, જે અમદાવાદના ૩૧ વર્ષિય નીલ પટેલે ડેવલપ કર્યું છે. 'આવાઝ-દે'ની મદદથી ગ્રામ્ય વિસ્તારોમાં લોકોનું કેવી રીતે સશક્તિકરણ થઇ રહ્યું છે તેનો ઉલ્લેખ હાલમાં જ ટીવી શો 'સત્યમેવ જયતે' પર કરવામાં આવ્યો હતો.

આજે ચારે બાજુ લોકો મોબાઇલ ફોનની કી દબાવતા નજરે પડે છે. પણ વૉટ્સ એપ, ફેસબુક, ટ્વીટર અને માય સ્પેસ જેવા સોશિયલ મીડિયાના વિકલ્પો અંગ્રેજી ભાષા



કેન્દ્રિત હોવાના કારણે ગ્રામ્ય વિસ્તારોના લોકો આ સુવિધાના ઉપયોગથી વંચિત રહ્યા છે. આવા સમયે, સમગ્ર ભારતને આ આધુનિક મોબાઇલ ટેક્નોલોજીના યુગમાં ભાગીદાર બનાવવા હાલમાં અમદાવાદ-સ્થિત નીલ પટેલના પ્રયાસો નોંધનીય છે. વિવિધ ભાષા અને બોલીમાં અનેક વૉઇસ-સોશિયલ મીડિયાની સુવિધાઓ કોઇ પણ સામાન્ય મોબાઇલ ફોન પર પૂરી પાડતી આ ગ્રુપ-વૉઇસ-મૅસૅજિંગ સર્વિસ છે. આજે 'આવાઝ-દે'ના ઇનોવેટિવ કોન્સેપ્ટથી ભારતનાં ગ્રામ્ય વિસ્તારોમાં ઘણી મહત્ત્વની સુવિધાઓ લોકો સુધી પહોંચી રહી છે.

ગુજરાતમાં ખેડૂતો માટે કામ કરતી જતન ટ્રસ્ટ નામની સંસ્થાની કામગીરીમાં આવાઝ-દેની ટેક્નોલોજીનો સૌ પ્રથમવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેઓએ ખેડૂતોને ઑર્ગેનિક ખેતીનું જ્ઞાન આપવા એક વૉઇસ-રેકોર્ડિંગ હેલ્પલાઇન બનાવી, જેનાથી તેમને આ વિષય પર વિવિધ પાસાઓની માહિતી આપતા રેકોર્ડેડ ફોન કોલ આવે, સાથે તેઓ કોલ કરીને નિષ્ણાતોને સવાલ પણ પૂછી શકે. આ સમગ્ર પ્રક્રિયામાં માત્ર એક સામાન્ય મોબાઇલ ફોનની જ આવશ્યકતા રહે છે.

## આઇઆઇએમ ખાતે 'આવાઝ-દે'એ આકાર લીધો



અમેરિકામાં જન્મ અને અભ્યાસ બાદ, મૂળ ગુજરાતી એવા નીલને તેમનું કોમ્પ્યૂટર એન્જિન્યરિંગનું જ્ઞાન ભારતને સમર્પિત કરવું હતું. આજ હેતુથી તે ૨૦૧૧માં અમદાવાદ આવ્યા અને અહીં સ્થાયી થઇ ગયા. અમેરિકામાં નીલના પીએચડી રિસર્ચ પ્રોજેક્ટના ભાગરૂપે, ૨૦૧૦માં 'આવાઝ-દે'નું બીજ રોપાયું હતું. એ સમયે ગુજરાતી પ્રોફેસર તપન પરીખ સાથે તેમનો સંપર્ક થયો, અને તેઓએ સાથે મળીને આ પ્રોજેક્ટને અમદાવાદ સ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ખાતે સેન્ટર ફોર ઇનોવેશન ઇન્ક્યુબેશન એન્ડ આંત્રપ્રિન્યોરશિપમાં 'આવાઝ-દે'ને આકાર આપ્યો.

## સોશિયલ મીડિયાનો લાભ, ભાષાની મર્યાદા વગર

નીલ કહે છે, 'સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવો હોય તો એ સ્તરનું અંગ્રેજીનું જ્ઞાન હોવું જરૂરી છે. આ મર્યાદાના કારણે, ગામડાઓનાં લોકો પાસે મોબાઇલ ફોન તો હોય છે, પરંતુ તેનો વધુ ઉપયોગ નથી કરી શકતા.' તેથી નીલે ઇન્ટરેક્ટિવ વોઇસ રિસપોન્સ ટેક્નોલોજી દ્વારા ગ્રામ્ય પ્રજા સુધી વોઇસ-સર્વે, વોઇસ-ફીડબેક, વોઇસ-એડવાઇસ જેવી સુવિધાઓ પહોંચાડવાની રીત ડેવલપ કરી છે.

## આ સિસ્ટમ કેવી રીતે કામ કરે છે

કોઇ પણ સામાન્ય ફોન પર કોઇ પણ ભાષામાં જરૂરી મેસેજ રેકોર્ડ કરાયછે. ત્યારબાદ આ મેસેજ જેને ઉપયોગી હોય તેવા લોકોને સિસ્ટમ દ્વારા વોઇસ-રેકોર્ડેડ મેસેજ મોકલાય છે. ઉપરાંત, એક વિશેષ નંબર ડાયલ કરવાથી, જરૂર પડે ત્યારે એકથી વધુ વાર મેસેજ સાંભળી શકાય છે. આ પ્રક્રિયામાં ભાષાની કોઇ મર્યાદા ન હોવાથી, ગ્રામ્ય વિસ્તારમાં આ સર્વિસનો મહત્તમ ઉપયોગ થઇ શકે છે. કાઉન્સેલિંગ, હેલ્પલાઇન, ફીડબેક, સર્વે, જેવી વિવિધ સુવિધાઓ લોકો સુધી પહોંચાડવામાં 'આવાઝ-દે'નું પ્લેટફોર્મ સફળ રહ્યું છે. નીલ કહે છે, 'ત્રણ વર્ષમાં જ બે લાખથી વધારે લોકો 'આવાઝ-દે'ના માધ્યમથી જોડાયા છે અને કુલ દસ લાખ વોઇસ-મેસેજની આપ-લે થઇ છે.' તેઓ જણાવે છે કે આગામી સમયમાં આવાઝ-દેને બેંક અને હોસ્પિટલ જેવા અન્ય ક્ષેત્રોમાં ઉપયોગી બનાવવાના પ્રયાસો ચાલુ છે.